**આંક : ૧ લગત હુકમ**

(૧) હાલના કેસમાં સામાવાળાઓને આંક : ૪થી તા. ૧૦/૦૨/૨૦૨૦ના રોજ નોટીસ ઈસ્યુ કરતાં તે નોટીસ સામાવાળા નં. ૧ને આંક : ૬ની એક્નોલેજમેન્ટથી બજી જતાં સામાવાળા નં. ૧ તરફે વિ. વકીલશ્રી એ.એસ.શાહે હાજર થઈ આંક : ૯થી જવાબ રજુ રાખવા માટે મુદતની માંગણી કરતી અરજી રજુ કરતાં તે મુદત અરજી મંજુર કરી મુદત આપવામાં આવેલ. ત્યારબાદ પણ સામાવાળા નં. ૧ને વખતોવખત ન્યાયના હીતમાં આજદિન સુધી મુદતો આપેલ હોવા છતાં જવાબ રજુ કરેલ નથી તથા સામાવાળા નં. ૨ને તે નોટીસ આંક : ૭ની એક્નોલેજમેન્ટથી બજી ગયેલ હોવા છતાં જાતે કે વકીલશ્રી મારફત હાજર થયેલ નથી. આમ સામાવાળા નં. ૧, ૨ને વખતોવખત મુદતો આપેલ હોવા છતાં ન્યાયના હીતમાં આજરોજની મુદત આપવામાં આવેલ પરંતુ આજરોજની મુદતે પણ સામાવાળા નં. ૧, ૨ જાતે કે વકીલશ્રી મારફત હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી કે જવાબ રજુ રાખેલ નથી જે જોતાં સામાવાળા નં. ૧, ૨ને જવાબ રજુ રાખવા માટે પુરતી, વ્યાજબી અને ન્યાયી તકો આપેલ હોવા છતાં જવાબ રજુ રાખેલ ન હોય સામાવાળા નં. ૧, ૨ને જવાબ રજુ રાખવા માટે વધુ સમય આપી શકાય તેમ ન હોય સામાવાળા નં. ૧, ૨નો લેખિત જવાબનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**Date : 16/03/2021**
**Place : ANAND**

**MS. NIMISHA GANGARAMBHAI SURATI**
**GJ00711**
**Ex officio commissioner for the Employee's compensation Act**
**(Judge)**
**LABOUR COURT,ANAND.**

K.K.PRANKADA : PA